ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૨૮.૪ ડીગ્રી
લઘુતમ : ૯.૫ ડીગ્રી
ભેજ
સવારે ૭૩ ટકા ● સાંજે ૬૨ ટકા

# પેથાપુર ચોકડી પાસેથી રૂ. ૬૪.૫૦ લાખની જૂની ચલણી નોટો પકડાઈ

**પોલીસને જોઈને ટોળકી કાર મૂકીને ફરાર થઈ ગઈ : વાહન ચેકિંગ કરતી એલસીબી અને એસઓજીની ટીમે શંકાસ્પદ કારમાં તપાસ કરતા અંદરથી જૂની ચલણી નોટોનો જથ્થો મળ્યો : હજુ પણ મોટા પાયે જુની નોટોનું સેટલમેન્ટ કરીને નવી નોટો મળતી હોવાની આશંકા**

ગાંધીનગર, તા.૨૧

પેથાપુર ચોકડી પાસે પોલીસ વાહન ચેકિંગ કરી રહી હતી ત્યારે ગાંધીનગર તરફ આવી રહેલી ટૅક્સી પાસિંગ કારના ચાલકે પોલીસને જોઈને કાર ભગાવી મુકી હતી અને વાહન ચેકિંગ કરી રહેલી એલસીબી એસઓજીની ટીમને શંકા જતાં તેનો પીછો કરવા જતાં આગળ જઈને આ કારના ચાલકે કાર બ્રેક કરી હતી અને ત્યાં જ કાર મૂકીને પાંચ થી છ શખ્સોની ટોળકી ફરાર થઈ ગઈ હતી. એલસીબી એસઓજીની ટીમે સ્થળ પર જઈ કાર ખોલી અંદર તપાસ કરતા અંદરથી સરકાર દ્વારા રદ કરી દેવામાં આવેલી જૂની ચલણી નોટોનો મોટો જથ્થો મળી આવ્યો હતો. એલસીબીની ટીમે પેથાપુર ચોકડી પાસેથી રૂ.૬૪.૫૦ લાખની જૂની ચલણી નોટો જપ્ત કરીને કારના નંબરને આધારે અને કારમાંથી મળેલા એક ડ્રાઈવિંગ લાઈસન્સને આધારે આખી ગેંગ સુધી પહોંચવા ઊંડાણપૂર્વક તપાસ શરૂ કરી છે.

નોટબંધી થઈ તે વાતને બે વર્ષથી વધુ સમય વીતી ગયો તેમ છતાં હજુ પણ ઠેર ઠેર જૂની નોટોના મસ મોટા જથ્થા સાથે કેટલાય વ્યક્તિઓ પકડાઈ રહ્યા છે. એનો મતલબ કે હજુ પણ મોટા પાયે જુની નોટોનું સેટલમેન્ટ કરીને નવી નોટો મળી રહી છે. પરંતુ કોણ અને ક્યાંથી આ સેટલમેન્ટ કરી રહ્યું છે તે બહાર આવી શકતું નથી. જુની નોટ એક્ષચેન્જ કરવાના કયા રસ્તા હજુ ખુલ્લા છે તે પણ સ્પષ્ટ થઈ શકતું નથી. આ સ્થિતિમાં વધુ એક કારમાંથી જૂની નોટોનો જથ્થો ગાંધીનગર પોલીસના હાથે ઝડપાયો હોવાનું ધ્યાને આવ્યું છે. ગાંધીનગર એલસીબી પીઆઈ તરલ ભટ્ટ ની ટીમ અને એસ.ઓ.જી ઈન્ચાર્જ પીઆઈ જે.આર.કરોતરાની ટીમ





ગઈકાલે પેથાપુર ચાર રસ્તા પાસે નાસતા ફરતા આરોપીઓને પકડવા વાહન ચેકિંગ કરી રહી હતી ત્યારે મહુડી તરફથી આવતી એક સફેદ કલરની શેવરોલેટ એન્જોય કાર નંબર જીજે ૦૧ ઈટી ૩૦૬૪ પેથાપુર ચોકડી પાસેથી પસાર થઈ રહી હતી. વાહન ચેકિંગ કરતી પોલીસે આ કારને ઉભી રાખવા ઈશારો કરતા કારચાલકે પોલીસને જોઈને કારની સ્પીડ વધારી દીધી હતી. પોલીસ આ કારનો પીછો કરે એટલામાં થોડે આગળ જઈને કારચાલકે કાર ઊભી રાખી દીધી હતી અને ત્યાંથી કારમાંથી છ જેટલા શખ્સો ઉતર્યા અને કાર ત્યાં જ મૂકીને રફુચક્કર થઈ ગયા હતા. પોલીસે કારમાં ચેક કરતા વચ્ચેના ભાગે આવેલી સીટ માંથી એક ખાખી પુઠાનુ બોક્સ મળી આવ્યું હતું. આ બોકસમાં તપાસ કરતા ભારત સરકારે રદ કરી દીધેલી જૂની રૂ.૧૦૦૦ અને ૫૦૦ના દરની ચલણી નોટના બંડલો મળી આવ્યા હતા. કારમાં રૂ.૧૦૦૦ના દરની રૂ.૩૧.૫૮ લાખની નોટો અને રૂ.૫૦૦ના દરની રૂ.૩૨,૯૧,૫૦૦ની નોટો મળીને કુલ રૂ.૬૪,૪૯,૫૦૦ લાખની જુની નોટો મળી આવી હતી. પોલીસે જૂની નોટોનો જથ્થો જપ્ત કરીને કાર પણ કબજે લઈ લીધી છે. કારમાંથી એક ડ્રાઈવિંગ લાઈસન્સ અને કારના દસ્તાવેજો મળી આવતા તે પણ જપ્ત કરવામાં આવ્યા છે. કારમાંથી મળેલું ડ્રાઈવિંગ લાયસન્સ અમદાવાદના દસ્ક્રોઈ વિસ્તારમાં રહેતા દિવાન.સી. દેવીપુજકના નામનું છે જયારે કાર અંગે તપાસ કરતાં કાર માલિક અમદાવાદના દશક્રોઈ તાલુકાના મુઠીયા ગામમાં રહેતો જયંતિ મોહન સોલંકી છે. પોલીસે જુની નોટોનો મોટો જથ્થો લઈને જતી આ ગેંગને પકડી પાડવા માટે અને આ નોટો કોની છે અને ક્યાં લઈ જવાઈ રહી હતી તે સહિતની વિગતો બહાર લાવવા માટે ઝીણવટ ભરી તપાસ શરૂ કરી છે.

## રવિવારે સે-૫ના વસાહત મંડળની મીટીંગમાં સળગતા પ્રશ્નો ચર્ચાશે

ગાંધીનગર, તા.૨૧

તા. ૨૩મી ડીસેમ્બરના બપોરે ચાર વાગે સેકટર-૫ના બગીચામાં વસાહત મંડળ સેકટર-૫ના પ્રમુખ કેશરીસિંહ બિહોલાના અધ્યક્ષસ્થાને વસાહત મંડળની મીટીંગ યોજવામાં આવેલ છે. જેમાં સેકટર-૫ના જાહેર પડતર પ્રશ્નો જેવા કે બગીચામાં અપૂરતી લાઈટ વ્યવસ્થા, બંધ સ્ટ્રીટલાઈટ, રંગમંચ, લગ્નવાડી બનાવવી, જાહેર દબાણો દુર કરવા, પાણીનો ફોર્સ, પોલીસ પેટ્રોલીંગ, આડેધડ વધતી ઝુંપડપટ્ટીઓ, ગંદકીના પ્રશ્નોની વિચારણા કરવામાં આવશે તો દરેક વસાહતીઓએ હાજર રહેવા કેશરીસિંહ બિહોલા તથા નરેશભાઈ પરમારે જણાવેલ છે.

## ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી ગાંધીનગર જિલ્લા શાખા દ્વારા એલ્ડરલી કેર એટ હોમ તાલીમનું આયોજન

ગાંધીનગર, તા.૨૧

ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી ગાંધીનગર જિલ્લા શાખાએ ભારત સરકારની એલ્ડરલી કેર એટ હોમ યોજના અંતર્ગત ધોરણ ૧૦ અથવા ૧૨ પાસ યુવક યુવતીઓને બે માસના તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. તાલીમ દરમિયાન તાલીમાર્થીને માસિક રૂ. ૫૦૦નું સ્ટાઈપેન્ડ આપવામાં આવશે. આમાં એક માસની સૈદ્ધાંતિક અને એક માસની પ્રત્યક્ષ તાલીમનો સમાવેશ થાય છે. આ તાલીમમાં જોડાવા માંગતા યુવક-યુવતીઓએ સોસાયટીના ખજાનચી એમ.પી. કાકડિયાનો ફોન નં. ૯૮૨૫૯ ૧૧૩૪૨ ઉપર તથા મેઘાબેન પટેલનો ૯૫૩૭૯ ૧૦૫૩૪ ઉપર સંપર્ક કરવાનો રહેશે.

## આજે ગવર્નમેન્ટ આર્ટસ કોલેજ ખાતે સરદાર પટેલની પ્રતિમાનો અનાવરણ કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૨૧

અખંડભારતના શિલ્પી ભારતરત્ન સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાનો અનાવરણ કાર્યક્રમ આજરોજ તા. ૨૨/૧૨/૨૦૧૮ને શનિવાર (માગશર સુદ પૂર્ણિમા વિક્રમ સંવત : ૨૦૭૫) સવારે ૧૧:૦૦ કલાકે નરહરિ અમીન-ઉપાધ્યક્ષશ્રી, રાજ્ય આયોજન પંચ, ગુજરાત રાજ્યના વરદ હસ્તે કરવામાં આવનાર છે તો આ પ્રસંગે પધારવા માટે ગવર્નમેન્ટ આર્ટસ કોલેજ ગાંધીનગરના આચાર્ય એ જણાવ્યું છે.

## ગાંધીનગર પ્રજાપતિ સમાજનો વાર્ષિક સ્નેહમિલન સમારોહ યોજાશે

ગાંધીનગર પ્રજાપતિ સમાજનો વાર્ષિક સ્નેહમિલન અને તેજસ્વી તારલાઓનો અભિવાદન સમારોહ આગામી તા.૨૫ ડિસેમ્બરને મંગળવારના રોજ બપોરે ૨.૩૦ કલાકે સેકટર-૧૭ ટાઉનહોલ ખાતે યોજાશે. આ સમારોહના અધ્યક્ષ તરીકે ગુજરાત પ્રજાપતિ સમાજના પ્રમુખ કેશવલાલ પ્રજાપતિ તેમજ મુખ્ય મહેમાન તરીકે ઓમપ્રકાશ પ્રજાપતિ, સમારોહના ઉદ્‌ઘાટક તરીકે ગોકળદાસ મગનભાઈ પ્રજાપતિ તેમજ અતિથિ વિશેષ તરીકે રમેશભાઈ મંગળદાસ પ્રજાપતિ, નારણભાઈ એસ પ્રજાપતિ, ડો. જયંતિભાઈ પ્રજાપતિ, અલ્પેશકુમાર પ્રહલાદભાઈ ઓઝા, જયંતિભાઈ પ્રજાપતિ, જયેન્દ્રકુમાર ગુર્જર, તેમજ ખેરાલુના સરકારી વકીલ ગીતાબેન પ્રજાપતિ હાજર રહેશે. આ પ્રસંગે શહેરમાં વસવાટ કરતા સૌ પ્રજાપતિ સમાજના ભાઈ બહેનોને હાજર રહેવા ગાંધીનગર પ્રજાપતિ સમાજના પ્રમુખ ચીમનભાઈ એસ પ્રજાપતિ અને રાજેન્દ્રકુમાર એ પ્રજાપતિએ અનુરોધ કર્યો છે.

## દર્દીઓના સગાને જમવા માટે બેઠક વ્યવસ્થા ઉભી કરાઈ

**સિવિલની નવી બિલ્ડીંગના ગ્રાઉન્ડ ફ્લોર પર કેન્ટીનમાં ટેબલ-ખુરશી મુકાયા**

ગાંધીનગર, તા.૨૧

પાટનગરની મેડીકલ કોલેજ સંચાલિત હોસ્પિટલમાં દર્દીઓના સગાઓ શાંતિથી બેસીને ભોજન ગ્રહણ કરી શકે તે માટે સિવિલ તંત્ર દ્વારા બેઠક વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. આ બેઠક વ્યવસ્થા નવા બિલ્ડીંગમાં ગ્રાઉન્ડ ફ્લોર પર રાખવામાં આવી છે. હવેથી નવી બિલ્ડીંગમાં કાર્યરત વોર્ડમાં દર્દીના સગા જમતા દેખાશે નહીં, નીચે કેન્ટીન માટે બનાવેલ જગ્યામાં ટેબલ ખુરશી પણ ગોઠવાઈ ગયા છે. ત્યારે અગામી સમયથી દર્દીના સગાઓ તેમજ સ્ટાફના કર્મચારીઓ પણ આ હોલમાં બેસીને શાંતિથી જમી શકશે.

ગાંધીનગર શહેરની સિવિલ હોસ્પિટલમાં રોજના હજ્જરો દર્દીઓ વિવિધ રોગની સારવારઅર્થે આવે છે. આરોગ્યલક્ષી સુવિધામાં વધારો થતા દર્દીઓનો ધસારો રહે છે. સિવિલમાં ઓપીડી વિભાગ અને તાત્કાલીક સારવાર દર્દીઓથી ધમધમતો રહે છે. ત્યારે ૬૦૦ બેડની નવી ઈમારતમાં દર્દીઓ સારવાર મેળવી રહ્યા હોય છે. ત્યારે દર્દી અને સગાઓ માટે જમવાની યોગ્ય વ્યવસ્થા ના અભાવે ગમે ત્યાં બેસી જમતા હતા. જેથી ગમે ત્યાં એઠવાડ ફેંકતા ગંદકી ફેલાતી હતી. ત્યારે દરેક વોર્ડ અને માળમાં આ પરિસ્થિતિ જોવા મળતી હતી. ત્યારે વોર્ડમાં ગંદકી ના થાય અને દર્દીના સ્નેહીજનો શાંતિથી ભોજન કરી શકે તે માટે સિવિલ તંત્ર દ્વારા નવી બિલ્ડીંગના ભોંયતળીયે કેન્ટીન માટે રાખવામાં આવેલ જગ્યામાં ખુરશી ટેબલ મુકીને ત્યાં જમવા બેસવાની વ્યવસ્થા ઉભી કરાઈ છે. આ વ્યવસ્થાને લઈ વોર્ડમાં થતી ગંદકી અટકી જશે અને એક જ સ્થળે ગંદકી થતા સફાઈ કાર્ય પણ યોગ્ય રીતે થઈ શકે છે. જયારે પીવાના ઠંડા પાણીની અને લાઈટ પંખા હોવાથી સવાર-સાંજ લાભાર્થીઓ લાભ લઈ શકશે. સિવિલ તંત્ર દ્વારા તમામ જરુરી અન્ય વ્યવસ્થા પણ ઉભી કરવામાં આવશે. જયારે સિવિલમાં ભીનો કચરો પણ એક જ સ્થળેથી મળી રહેશે. સિવિલ તંત્ર દ્વારા સુવિધા ઉભી કરવામાં આવતા દર્દીઓ અને સગાઓ માટે ઉપયોગી સાબિત થશે.

## ઈન્દ્રોડા પાર્ક પાસે સર્જાયેલી હિટ એન્ડ રનની ઘટનામાં ઘાયલ આધેડનું મૃત્યુ

ગાંધીનગર, તા. ૨૧

શહેરના માર્ગો પરથી પસાર થઈ રહેલા એક્ટિવા ચાલક આધેડને ૧૨ ડિસેમ્બરે બેફામ ગતિએ જઈ રહેલા અજાણ્યા વાહને અડફેટે લઈ લેતા તેઓ ગંભીર રીતે ઘવાયા હતા અને સારવાર હેઠળ દાખલ હતા. ઈન્દ્રોડા પાર્ક પાસે સર્જાયેલી આ હિટ એન્ડ રનની ઘટનામાં ઘાયલ થયેલા આધેડનું સારવાર દરમિયાન મૃત્યુ નીપજ્યું છે. સમગ્ર પ્રકરણ મામલે ઈન્ફોસિટી પોલીસે ગુનો દાખલ કરીને આ પ્રકરણમાં ફરાર થઈ ગયેલા કારચાલક આરોપી સુધી પહોંચવા સીસીટીવી ફૂટેજ મેળવવા તજવીજ શરૂ કરી છે.

ભાણીયા મિનેશકુમાર જગદીશભાઈ શર્માએ તેમના મામાને અકસ્માત કરી મોતને ઘાટ ઉતારીને ફરાર થઈ ગયેલા અજાણ્યા વાહન ચાલક સામે ઈન્ફોસિટી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. ૧૨ ડિસેમ્બરના રોજ મોટી શિહોલી ગામમાં રહેતા ૫૫ વર્ષિય તેમના મામા જશવંતભાઈ ડાહ્યાભાઈ વાળંદ તેમનુ એક્ટિવા નંબર જીજે-૧૮-સીઆર-૮૪૪૫ લઈને જ-માર્ગ પર ઈન્દ્રોડા ગામથી ચ-૦ સર્કલ તરફ જઈ રહ્યાં હતા ત્યારે ઈન્દ્રોડા પાર્ક સામે કોઈ અજાણ્યા વાહન ચાલકે તેમના એકટીવાને પાછળથી ટક્કર મારી હતી. માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા જશવંતભાઈને પહેલાં ગાંધીનગર સિવિલ અને ત્યાર બાદ અમદાવાદ સિવિલમાં ખસેડ્યા હતા. છેલ્લા ૯ દિવસથી હોસ્પિટલમા આઈસીયુ વોર્ડમાં જીવન મરણ વચ્ચે ઝોલા ખાઈ રહેલા જશવંતભાઈ ભાનમાં જ આવ્યા ન હતા અને ગઈ કાલે રાત્રે સાડા દસ વાગ્યે તેમનું સારવાર દરમ્યાન કરુણ મૃત્યુ થયું હતું. ઈન્ફોસિટી પોલીસે ગુનો નોંધીને આ અંગે સીસીટીવીની મદદથી ઉંડી તપાસ શરૂ કરી છે.

## શહેરમાં ડાક અદાલત યોજાશે

ગાંધીનગર, તા.૨૧

ટપાલ સેવાને લગતા પ્રશ્નોના નિરાકરણ માટે સિનિ. સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ પોસ્ટ ઓફિસીસ, ગાંધીનગર ડિવીઝન સે-૧૧ ખાતે તા. ૮મી જાન્યુઆરી ૨૦૧૯ના રોજ ૧૧ કલાકે ડાક અદાલત અને ૧૨.૩૦ કલાકે પેન્શન અદાલતનું આયોજન કરવામાં આવેલ છે.

આ અદાલતમાં ટપાલ સેવાઓને લગતી ફરિયાદો સાંભળવામાં આવશે. આ અંગેની આપની ફરિયાદો સિનિ. સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ પોસ્ટ ઓફિસીસ, ગાંધીનગર ડિવિઝન, ગાંધીનગર સે-૧૧ને મોડામાં મોડી તા. ૩૧-૧૨-૨૦૧૮ સુધીમાં મળી જાય તે રીતે મોકલવાની રહેશે. નિર્ધારિત સમય મર્યાદા બાદ મળેલ ફરિયાદોને ધ્યાનમાં લેવામાં આવશે નહિ.

ફરિયાદ સ્પષ્ટ, મુદ્દાસર તેમજ એક જ વિષય પર હોવી જોઈએ. નિતિવિષયક ફરિયાદોને ઉપરોકત ડાક અદાલતમાં ધ્યાનમાં લેવામાં આવશે નહિ.

## દાગીના ચમકાવવાના બહાને સવા લાખના દાગીના ચોરી ગયા

**શહેરના સેક્ટર -૨૦ માં બનેલી ઘટના : સેલ્સમેન બનીને પિત્તળ ચમકાવવાના પાઉડર લઈને આવેલા બે ગઠિયા વૃધ્ધાની નજર ચૂકવીને દાગીના લઈ ગયા ને તેમને ખબર પણ ન પડી : પોલીસ ફરિયાદ**

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર શહેરમાં સેલ્સમેનનો વેશ ધારણ કરીને દાગીના ચમકાવવાના બહાને ઘરમાં ઘૂસેલા ગઠીયા સોનાના દાગીના સેરવીને રફુચક્કર થઈ ગયા હોવાની વધુ એક ઘટના બનવા પામી છે. શહેરના સેકટર-૨૦ ખાતે આવેલી નંદનવન સોસાયટીમાં ગઈકાલે બે ગઠિયાઓ આવી પહોંચ્યા હતા અને એક મકાનમાં દાગીના ચમકાવવાના બહાને ઘૂસ્યા હતા. મકાનમાં હાજર વૃદ્ધા અને અન્ય બે મહિલાની નજર ચૂકવીને આ બંને ગઠિયાઓ સવા લાખની કિંમતના દાગીના સેરવી ફરાર થઈ ગયા હોવાની ઘટના બની હતી. વૃદ્ધાએ આ મામલે સેક્ટર-૨૧ પોલીસ મથકમાં ફરિયાદ આપતા પોલીસે ગુનો દાખલ કરીને ઘટનાની ઉંડી તપાસ શરૂ કરી છે.

મળતી વિગત મુજબ સેકટર-૨૦માં નંદનવન સોસાયટીમાં પ્લોટ નંબર ૨૮૭માં રહેતા ૮૪ વર્ષિય વૃદ્ધા સુશીલાબેન મહેન્દ્રભાઈ પુરોહીતે સેક્ટર-૨૧ પોલીસ સ્ટેશનમાં આ મામલે ફરિયાદ નોંધાવી છે. ગઈ કાલે બપોરે ૧૨ વાગ્યાના સુમારે વૃધ્ધા, તેમના ભાભી પદ્માલતા અને કામવાળી સીમા ઘરે હતા ત્યારે સેલ્સમેન બનીને બે શખ્સો પિત્તળ ચમકાવવાનો પાવડર લઈને આવ્યા હતા. ગુજરાતી બોલતા બંને શખ્સોએ સુશીલાબેનને એક વાટકી પાવડરથી સાફ કરીને બતાવી હતી. ત્યાર બાદ એક શખ્સે તેમના હાથમાં રહેલી બે સોનાની બંગડીઓ ઉપર તેની પાસે રહેલો પાવડર લગાવીને બંગડીઓ ગરમ પાણીમાં હળદર નાખીને ધોવાનું કહ્યું હતુ. સુશીલાબેન બંગડીઓ ધોવા માટે રસોડામાં ગયા હતા અને પાણી ગરમ કરીને એક ચમચી હળદર નાખી બંને બંગડીઓ નાખી હતી. આ સમયે બહાર ઉભેલો એક શખ્સ રસોડામાં આવી ગયો હતો અને કહ્યું હતું કે, હળદર ઓછી છે તેમ કહીને જાતે નાખી હતી. આ શખ્સે તપેલીનું પાણી એક સ્ટીલના ડબ્બામાં ભર્યું હતું તે દરમિયાન સુશીલાબેનની કામવાળી સીમા રસોડામાં આવી હતી અને તેમના ભાભીની બે સોનાની બંગડી અને એક વીંટી પેલા ભાઈને આપી હતી. ગઠીયાએ પાણી ગરમ કરવું પડશે તેમ કહી ડબ્બો ગેસ પર મુક્યો હતો. હું લાલ પાઉડર લઈને આવું છું કહીને ગઠીયો બહાર નીકળી ગયો હતો. ત્યાર બાદ ડબ્બામાં તપાસ કરીને જોયુ તો દાગીના ગાયબ હતા. તાત્કાલિક તેઓએ બહાર દોડીને તપાસ કરતાં બંને શખ્સો પણ ગૂમ હતા. સુશીલાબેનની સોનાની બે બંગડીઓ સાથે સોનાની બે બંગડીઓ અને એક વીંટી ગુમાવનાર તેમના ભાભી પદ્માલતા યશંવતરાય ભટ્ટ અમદાવાદના એલિસબ્રિજ વિસ્તારમાંથી તેમના ઘરે આવ્યા હતા. સુશિલાબેન સાથે એક ગઠીયો રસોડામાં હતો તે દરમિયાન રૂમમાં બેસેલા પદ્માલતાબેન પાસે બીજો ગઠીયો આવ્યો હતો અને તેમની સોનાની બંગડીઓ પર પાવડર લગાવીને ધોવાનું કહ્યું હતું જેને પગલે તેમને પણ કામવાળી મારફતે પોતાના દાગીના રસોડામાં ધોવા માટે મોકલ્યા હતા.

## આજે કુમારી વૈશ્વીનું આરંગેત્રલ યોજાશે

ગાંધીનગર, તા.૨૧

શ્રી સ્વામિનારાયણ એન્ટરપ્રાઈઝીસ પરિવારના કીરીટકુમાર જી. પુજારા તથા નીતાબેન કે. પુજારાની દિકરી કુમારી વૈશ્વીનું આરંગેત્રલ



આજે સે-૧૭, ટાઉનહોલ, ગાંધીનગર ખાતે બપોરે ૩.૦૦ કલાકે યોજાશે.

કુમારી વૈશ્વીએ ૨૦ વર્ષથી ભારતીય નૃત્યકલાને સમર્પિત કલાગુરુ અમીબેન વંકાણી પાસે ૭ વર્ષની કઠોર નૃત્ય સાધના કરી છે. ભાવ, રાગ અને તાલ સાથે ભારતીય સંસ્કૃતિને જીવંત રાખનાર શાસ્ત્રીય નૃત્ય ભરતનાટયમને તજજ્ઞો સમક્ષ કુમારી વૈશ્વી પ્રસ્તુત કરશે. જેમાં ઉદઘોષક તરીકે અપેક્ષા મહેતા તથા સહાયક નર્તન તરીકે ચિનાર વંકાણી રહેશે. કાર્યક્રમની પ્રસ્તુતિ ગણેશ વંદનાથી શરુ થશે ત્યારબાદ અલ્લારીપુ, જતિશ્વરમ, શબ્દમ, વર્ણમ, પદમ, કીર્તનમ, શ્લોકમ, તિલ્લાના અને મંગલમ ક્રમાનુસાર પ્રસ્તુત થશે.

# કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા ૪૨મી નિવાસી તાલીમ શિબિર યોજાઈ

ગાંધીનગર, તા.૨૧

કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા ૪૨મી નિવાસી તાલીમ શીબીરનું આયોજન શ્રી રામચંદ્ર મિશન, મેડીટેશન સેન્ટર, અડાલજ ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં સર્વ વિદ્યાલયની ૧૫ કોલેજોમાંથી ૬૭ વિધાર્થીઓ ઉત્સાહભેર જોડાયા હતા. સમગ્ર તાલીમ જાણીતા મેનેજમેન્ટ ટ્રેનર સુરેશ પટેલ દ્વારા આપવામાં આવી હતી.

આજના યુવા વિદ્યાર્થીઓમાં સારી આદતો કેળવાય, સ્વમૂલ્યાંકન કરી પોતાની ક્ષમતાને ઓળખે, જીંદગીનાં અંગત, સામાજિક, વ્યવસાયિક, બૌદ્ધિક અને આધ્યાત્મિક ક્ષેત્રોની સ્પષ્ટતા કેળવાય, હકારાત્મકતાની સાથે આત્મવિશ્વાસ પૂર્વક પોતાનું જીવન જીવી શકે, આદર્શ અંને જવાબદાર નાગરિક બને એ હેતુથી શિબિર યોજવામાં આવી હતી. આમ સમગ્ર કાર્યક્રમ ચારિત્ર્યનિર્માણ થી રાષ્ટ્રનિર્માણ અને સ્વયંને બદલી વિશ્વને બદલવા માટે






માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

તાલીમ દરમિયાન ગેસ્ટ સ્પીકર તરીકે રોડ સેફટીને લઈને સમગ્ર ભારતમાં એક્સપર્ટ તરીકે સેવા આપતા અમિતભાઈ ખાતરી દ્વારા ટ્રાફિકની સમસ્યાનાં ઉકેલ વિષે, વાહન ચલાવતા સમયે કઈ કઈ બાબતોનું ધ્યાન રાખવું જોઈએ. એક્સીડેન્ટ અટકાવવા આજના યુવાનો કેવી રીતે મદદરૂપ થઈ શકે છે તેની વિસ્તૃત માહિતી ટ્રાફિકના નિયમો પર બનાવેલ ગીતો, શાયરીઓ અને ગરબા દ્વારા રમુજી અંદાજમાં આપવામાં આવી હતી. સાથે અમદાવાદના રીક્ષા વાળા તરીકે જાણીતા ઉદયભાઈ જાદવ કે જેઓ "Love All, Serve All" ના ટેગ સાથે સમગ્ર અમદાવાદમાં રીક્ષા દ્વારા સેવાકીય પ્રવૃત્તિ કરે છે તેઓ પણ ઉપસ્થિત રહી પ્રેરણા પૂરી પાડી હતી. કાર્યક્રમના અંતે વિદ્યાર્થીઓને વિકલાંગ વિદ્યાર્થીઓ માટે ઉવારસદ ખાતે ચાલતી વિશિષ્ટ નિવાસી સદવિચાર પરિવાર સંસ્થાની મુલાકાત કરાવી હતી જ્યાં સંસ્થાની પ્રવૃત્તિઓની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી અને વિદ્યાર્થીઓએ પ્રશ્નોતરી દ્વારા માહિતી મેળવી હતી.

નિવાસી શિબિરના અંતે સમાપન સમારંભમાં મુખ્ય મહેમાન તરીકે લકુલીશ યુનીવર્સીટીના ડો. બ્રિજેશ સિંગ, શ્રી રામચંદ્ર મિશન સંસ્થાના મેનેજર એચ.એલ.ખરએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને જીવન ઉપયોગી માર્ગદર્શન પૂરું પાડયું હતું. પ્રોગ્રામના અંતે વિદ્યાર્થીઓ દ્વારા કોલેજ વાઈસ ગ્રુપમાં સમાજ ઉપયોગી પ્રોજેક્ટ્સ રજુ કરી, તે પ્રોજેક્ટ્સ નિયત સમયમાં પૂર્ણ કરવાનો નિર્ધાર કર્યો હતો. સમગ્ર શિબિરનું સંચાલન અને આયોજન ડો. ધર્મેન્દ્રભાઈ પટેલ અને સહાયક તરીકે ડો. વિષ્ણુભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. જ્યારે પૂર્વ તાલીમાર્થી દીપ બોડા, સુરજ મુંજાણી, કૌશિક કલાલ અને ધ્રુવ વ્યાસ દ્વારા કાર્યક્રમને સફળ બનાવવા પ્રશંસનીય કામગીરી કરવામાં આવી હતી.

## ચક્ષુદાન

ગાંધીનગર નિવાસી હરિકાન્તભાઈ વ્રજલાલ ઝાટકિયા ઉ.વ. ૭૧, પ્લોટ નં. ૨૧૩, સેકટર-૨૦નું દુઃખદ અવસાન તા. ૧૯મી ડીસેમ્બર ૨૦૧૮ના રોજ થયેલ હતું. જેમના સ્વજન હિમાંશુભાઈ ઝાટકિયાની સમંતિથી તેમનું ચક્ષુદાન લેવામાં આવેલ છે.

તબીબી સેવા ડૉ. વેલુ તથા ડૉ. પ્રિયંકા તેમજ જુસીકાના કાર્યકર સંજયભાઈ વાઘેલાએ સેવાઓ આપી હતી. રાજુભાઈ વાઘેલાએ ચક્ષુઓ સિવિલ હોસ્પિટલ અમદાવાદ પહોંચાડવાની સેવા આપી હતી.

## ચિરવિદાય

- સ્વ. ચાવડા ગજેન્દ્રસિંહ શંકરસિંહ, ઉ.વ. ૬૩
- સ્વ. જશવંતભાઈ ડાહ્યાભાઈ વાળંદ, ઉ.વ. ૫૫
- સ્વ. મેલાજી કાળાજી ઠાકોર, ઉ.વ. ૩૯